## વડોદરા મહાનગર પાલિકા

www.vmc.gov.in

**પેન્શનરો/ ફે.પેન્શનરો ની હયાતીની ખાત્રી કરવા અંગે**

વડોદરા મહાનગરપાલિકાના ગેસ ખાતા સહના પેન્શનરોને જણાવવામાં આવે છે કે, સને ૨૦૨૧ ના વર્ષ માટે પેન્શનરો-ફેમીલી પેન્શનરોએ પોતાની હયાતીની ખાત્રી કરાવવા, પુન:લગ્ન નહિં કર્યા અંગે મ્યુની.કાઉન્સિલરશ્રી અથવા સરકારી ગેઝેટેડ અધિકારીશ્રીનુ પ્રમાણપત્ર રજુ કરવા, ફેમીલી પેન્શન મેળવતા વારસદાર પુત્ર-પુત્રી-માતા-પિતા તેમજ વિકલાંગોએ માસિક આવકનુ પ્રમાણપત્ર રજુ કરવા, પેન્શન નંબર, ઠરાવ સાથે હાલની **કોવિડ-૧૯** ની પરીસ્થિતિને ધ્યાને લઈ તેમજ સોશીયલ ડિસ્ટન્સનું પાલન થાય તે હેતુસર **ખંડેરાવ માર્કેટ ચાર રસ્તા પાસે આવેલ ગોવિંદરાવ મધ્યવર્તી સ્કુલ માં તા. ૦૨.૦૮.૨૦૨૧ થી ૩૧.૦૮.૨૦૨૧ તેમજ હિશાબી શાખા પેન્શન વિભાગમાં તા. ૦૧.૦૯.૨૦૨૧ થી ૩૦.૦૯.૨૦૨૧ સુધી સંપર્ક કરવો.** પેન્શનર/ફે.પેન્શનરશ્રીઓએ તેમના બેંક પાસબુક તથા ઓળખના પુરાવા સાથે (ચુટણી કાર્ડ/આધાર કાર્ડ/પાનકાર્ડ વિગેરે) લાવવાનુ રહેશે. આવક વેરા કાયદા મુજબ ટેક્ષનેપાત્ર પેન્શનરોએ તેમના પાનકાર્ડની નકલ તથા રોકાણોની વિગતો (પુરાવા સહ) હયાતી દરમ્યાન બીનચુક રજુ કરવાની રહેશે.

વડોદરા શહેર બહાર નિવાસ કરતા પેન્શનરો-ફેમીલી પેન્શનરોને પણ આથી સુચીત કરવામાં આવે છે કે, તેઓએ તેમની હયાતીની ખાત્રી ખંડેરાવ માર્કેટ ચાર રસ્તા પાસે આવેલ ગોવિંદરાવ મધ્યવર્તી સ્કુલમાં **તા. ૦૨.૦૮.૨૦૨૧ થી ૩૧.૦૮.૨૦૨૧ તેમજ હિશાબીશાખા પેન્શન વિભાગમાં તા. ૦૧.૦૯.૨૦૨૧ થી ૩૦.૦૯.૨૦૨૧ સુધી** સદર મુદતમાં કરાવી જવી. હાલ કોરોનાની મહામારીના કારણે હયાતીની ખાત્રી બાયોમેટ્રીક પધ્ધતિ દ્વારા કરવામાં આવશે નહી.

તા.૦૨.૦૮.૨૦૨૧ થી ૩૦.૦૯.૨૦૨૧ દરમ્યાન હયાતીની ખાત્રી નહી કરાવનાર પેન્શનરો/ફેમીલી પેન્શનરોનુ પેન્શન ચુકવવા સંદર્ભે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી. હયાતી દરમ્યાન આવનાર પેન્શનરો / ફેમીલી પેન્શનરશ્રીઓ હાલની **કોવિડ-૧૯** ની પરિસ્થિતિને ધ્યાને લઈ સરકારશ્રીના સુચનોનો (ગાઈડલાઈન્સ) સંપૂર્ણ અમલ કરવાનો રેહશે.

સહી. શાલિની અગ્રવાલ (આઈ.એ.એસ)
મ્યુનિસિપલ કમિશનર

પી.આર.ઓ.નં. ૩૩૨/૨૧-૨૨